વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

સે-૩-એ ન્યુના શેરી ગરબામાં જમાવટ

ગરબા મેદાનમાં વ્યસન મુકિત અને સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે

ગાંધીનગર, તા.૧૪

મા અંબાની નવલી નવરાતનો પ્રારંભ થતા જ પ્રથમ નોરતે યુવાન ગરબા પ્રેમીઓ હિલોળે ચઢયા હતા જયારે નાના બાળકથી લઈ અબાલ વૃદ્ધ સૌ કોઈએ ગરબે ઘુમી માની આરાધના કરી હતી. શહેરમાં શેરી ગરબાઓનું પણ સવિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેકટર-૩-એ ન્યુ ખાતે આયોજીત નવરાત્રીમાં સ્વચ્છતા અભિયાન અને વ્યસનમુકિત પર ખુબ ભાર મુકવામાં આવ્યો છે.

સે-૩-એ ન્યુ ખાતે પ્રથમ નોરતે ગુડાના ચેરમેન આશિષ દવે, કોર્પોરેટર રમિલાબેન પરમારે દિપ પ્રાગટય કરી ગરબાનો પ્રારંભ કરાવ્યો હતો. શહેરમાં શેરી ગરબાનો અનેરો મહિમા છે જેમાં મોટી સંખ્યામાં ગરબે ઘુમવા ખેલૈયાઓ આવે છે. શહેરના સે-૩, ૪, ૬, ૧૭, ૨૨, ૨૮, ૨૬, ૨૪ સહિતની જગ્યાઓએ મોટી ગરબીઓ થાય છે. પરંતુ આ નગરમાં સેકટરોના શેરી ગરબાનો ચાર્મ પાંચ વર્ષથી વધુ રહેતો નથી. શેરી ગરબામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટતો હોય છે પરંતુ એકને એક આયોજનથી કંટાળી ગરબા રસિકો અન્ય જગ્યાએ થતી નવરાત્રી તરફ વળી જાય છે. ગરબા પ્રેમીઓને પણ દર વર્ષે કંઈક નવું આકર્ષણ જોઈએ છે ત્યારે શહેરના સે-૩-એ ન્યુ ખાતે છેલ્લા પાંચ વર્ષથી નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવે છે. સેકટરમાં થોડા થોડાક અંતરે થતી નવરાત્રી બંધ કરીને માત્ર એક જ સ્થળે શોપિંગ સેન્ટર આગળ ખુલ્લી જગ્યામાં સુંદર આયોજન કરવામાં આવે છે. શહેરના શેરી ગરબાના આયોજનમાં રાત્રે ગરબા બંધ થવાની તૈયારી હોય ત્યારે ગુજરાતનું લોકપ્રિય ગીત 'સનેડો' વગાડવામાં આવે છે અને ગરબારસિકો આ ગીત પર ઝુમી ઉઠે છે. પરંતુ સેકટર-૩-એ ન્યુમાં સેકટરમાં વસતા બાળકો મોડી રાત સુધી જાગી શકતા નથી માટે અહીંયા 'સનેડો' ગીત પહેલા વગાડવામાં આવે છે ગીત વાગતા બાળકો નાચી ઉઠે છે ત્યારે નાના બાળકોની ખુશી જોઈ આયોજકો પણ મલકી ઉઠે છે. બાળકોને દરેક નોરતે નીત નવી ગીફટ આપવામાં આવે છે. રાસ રમતા રસિકો માટે દાંડીયાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે જેથી ખેલૈયાઓને નિરાશ થવું પડતું નથી. માતાજીના ચાચર ચોકમાં કોઈ પણ વ્યકિત માટે પાન મસાલા, બીડી, તમાકુ, ગુટખા સહિતના વ્યસન કરવાની મનાઈ છે. જયારે ભારતભરમાં ચાલી રહેલ સફાઈ ઝુંબેશને પગલે ગરબા મેદાનમાં આયોજકો સતત નિરીક્ષણ કરી નીચે પડેલો કચરો વીણી યોગ્ય જગ્યાએ નાંખી અને લોકોને કચરો ગમે ત્યાં નહીં ફેંકવાની પહેલ કરી સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા આહ્વાન કરે છે. સિનીયર સિટીઝનોને કોઈ ગરબા નિહાળવાની તકલીફ ના પડે તે માટે ખાસ ખુરશીની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. ગરબે ઘુમી થાકી ગયેલા રસિકો માટે મીનરલ પાણી તેમજ રોજ નીતનવો નાસ્તો તેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. સૌથી અગત્યની વાત પાંચ વર્ષમાં પ્રમુખ સંજય પટેલ, મહામંત્રી બિપિન પરમાર, ખજાનચી કાંતિભાઈ પટેલ, સહમંત્રી ભરત પટેલ, સંગઠન મંત્રી વિરચંદભાઈ પરમાર, ઉપપ્રમુખ રાજુભાઈ પટેલ સહિત કારોબારી સભ્યો પણ યથાવત છે. વસાહતીઓ પણ દર વર્ષે એ જ બોડી રાખવાની માંગ કરતા હોય છે. નવરાત્રી સમિતિના પ્રમુખ સંજય પટેલ જણાવે છે કે આગામી બે વર્ષમાં ચાચર ચોકમાં માતાજીના મંદિરનું નિર્માણ થશે જયારે પાર્કિંગની સુંદર વ્યવસ્થા, મોકળાશવાળું મેદાન, ડેકોરેશન, સાઉન્ડ સહિત સિકયુરીટી ગાર્ડ પણ ખડે પગે ફરજ બજાવે છે. આગામી વર્ષોમાં સુંદર વ્યવસ્થાને પગલે નગરના ખેલૈયાઓ અહીં માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમવા આવશે.

@ગાંધીનગર

ત્રીજું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે પ્રહાર વોરા અને હીમાલી વ્યાસ ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ન્યુ બંસરી મ્યુઝીક ગ્રુપના ગાયક તખત ઠાકોર અને કિરણબેન સોલંકી ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે ચામુંડા મ્યુઝી. ગ્રુપ અનિરુદ્ધસિંહ દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે આર.કે. ગ્રુપના સ્વીટુ બરોટ દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે કૃષ્ણ કલાવૃંદ દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે જય અંબે મ્યુઝીકલ ગ્રુપના ગાયક મહેશ ઠાકોર અને નગીના ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે ભુપેન્દ્ર શાસ્ત્રી, અર્ચના શાસ્ત્રી તેમજ સ્મિતા તીરકર ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક પંચમ મ્યુઝીકલ ગ્રુપના દર્શના વ્યાસ અને વિપુલ પંચીવાલા ગરબા રજૂ કરશે.

- નજાહખાનમ સૈયદ

વાતવાતમાં

● નવરાત્રિમાં હજુ પણ શહેરના રહીશોમાં ગરબો કાઢવાની પ્રજા જાળવી રખાઈ છે. સે-૫માં નીરૂબેન નાયકના ઘરે પહેલા નોરતે ગરબો કાઢવામાં આવ્યો હતો અને પૌરાણિક પરંપરા મુજબ લ્હાણી પણ વહેંચવામાં આવી હતી.

● વાવોલની શાંતિવન સોસાયટીમાં પણ એક રહીશના ઘરે ગરબો કાઢવામાં આવ્યો હતો. આ કારણે સોસાયટીના સભ્યોને સોસાયટીની નવરાત્રિમાં ગરબે રમવું કે પેલા રહીશના ગરબામાં સામેલ થવું તે માટે અવઢવ પેદા થવા પામી હતી.

● ગાંધીનગરમાં નવલી નવરાત્રિનો રંગ બરાબર જામી ચુકયો છે. આ સાથે ગરબાપ્રેમીઓ માટે ખુશખબર છે કે સે-૧૧માં શરદ પૂર્ણિમાના રાસ ગરબા માટે કેટલીક સંસ્થા દ્વારા આયોજન હાથ ધરાયું છે.

● ગાંધીનગરમાં વાહનોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. માત્ર ઘ-૨ના સર્કલના અને પથિકાસર્કલે સે-૬ના પેટ્રોલ પંપો પર હવા ભરી આપવાની સેવા આપવામાં આવે છે એટલે બાકીના વિસ્તારોમાં વાહનચાલકોને આ સેવા માટે ફાંફે ચઢવું પડે છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

પાટણ આઈડોલ સ્પર્ધામાં પુજા જોશી 'હેડાઉ'ની ઉત્કૃષ્ટ પ્રસ્તુતિ

પાટણ નગરની પુરાતન સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવાની સાથે

સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત જેવી કલાઓને આગવા સ્વરૂપમાં પ્રસ્તુત કરવા માટે બનેલી પ્રબુધ્ધોની સંસ્થા 'માં નો પરિવાર' ને પાટણની યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે પાટણ ખાતે 'પાટણ આઈડોલ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેની ૬ રાઉન્ડના અંતે સેમી ફાઈનલમાં ત્રણ શ્રેણીઓમાં મળી કુલ ૧૭ સ્પર્ધકો વચ્ચે ફાઈનલ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં ઉત્કૃષ્ટ પ્રસ્તુતિ કરીને કુ. પુજા જોશી (હેડાઉ)એ સુગમ સંગીત ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી છે. તે જાણીતા સાહિત્યકાર નટવર હેડાઉના નાના ભાઈ પિયુષભાઈની દીકરી છે.

આ કાર્યક્રમના ગ્રાન્ડ ફિનાલેમાં સ્પર્ધકોએ હિન્દી અને ગુજરાતીમાં પોતાની રચનાઓ મુકત કંઠે પ્રસ્તુત કરી હતી. જુદાજુદા રાઉન્ડોની કસોટી માટે નિર્ણાયકો તરીકે ગુજરાતના નામાંકિત ગાયકો અને સંગીતકારોએ સ્પર્ધકોના તમામ પાસાઓનું બારીકાઈથી મુલ્યાંકન કર્યા પછી વિજતાઓની જાહેરાત કરી હતી.

ઈ-કકળાટ બાદ પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૪

ઈ-ગ્રામ, ઈ-ગર્વર્નન્સ બાદ હવે ઈ-કકળાટ પણ શરૂ થઈ ગયા છે. ટ્રેનમાં ટ્રાવેલીંગ દરમિયાન સીટ શેરીંગ કર્યા બાદ બંધાયેલા પ્રેમ સંબંધ લગ્નમાં પરીણમ્યા હતા. ત્યાર બાદ પતિ અને સાસુ-સસરા ઈમેલ પરથી ધમકીઓ આપી શારિરીક-માનસિક ત્રાસ આપી દહેજ માંગતા હોવાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે પરિણીતાએ નોંધાવી છે. પરિણીતાની ફરિયાદને આધારે લેફટનન્ટ કમાન્ડન્ટ પતિ, રિટાયર્ડ કર્નલ સસરા અને આર્મી સ્કુલના શિક્ષિકા સાસુ સામે ગુનો દાખલ કરી પીએસઆઈ પી.કે. યાદવે આ ઈ-કકળાટની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે-૩૦ ખાતે રહેતી ૨૮ વર્ષીય યુવતી કિંજલ (નામ બદલેલ છે) પરિવાસ સાથે ટ્રેનમાં પઠાણકોટ તરફ હિમાચલ ફરવા જઈ રહી હતી તે સમયે ટ્રાવેલીંગ દરમિયાન એક લેફટનન્ટ કમાન્ડન્ટ યુવાન શુશાંત દત્ત સારસ્વતે યુવતી સાથે સીટ શેરીંગ કરી હતી. કિંજલને જગ્યા ન મળતા આ યુવાને સીટ ઓફર કર્યા બાદ ફોન નંબર એકબીજાને શેર કર્યા હતા અને ધીમે ધીમે બંને વચ્ચે પ્રેમ સંબંધો બંધાયા હતા. વર્ષ ૨૦૧૨માં બંનેએ રજીસ્ટર્જ મેરેજ કરી લીધા હતા. યુવતી સાસરે ઓછું રહી છે કોઈ કારણોસર યુવતીના સસરા કે જે રીટાયર્ડ કર્નલ છે તે શ્રીકૃત સારસ્વત અને સાસુ કે જે આર્મી સ્કુલમાં ટીચર છે અને જમ્મુ કાશ્મીરમાં રહે છે તે બંનેએ ફોન અને ઈમેલ પર કિંજલ સાથે દહેજની માંગણી કરી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સાથો સાથ પતિએ પણ ત્રાસ આપવાનું શરુ કરી દહેજની માંગણી કરી હોવાનો આક્ષેપ સાથે કિંજલે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. પતિ લેફટનન્ટ કમાન્ડન્ટ, સસરા રીટાયર્ડ કર્નલ અને સાસુ શિક્ષિકા સામે સે-૨૧ પોલીસે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

સે-૩૦ની યુવતીને ટ્રેનમાં સીટ ઓફર કર્યા બાદ બંધાયેલા પ્રેમ સંબંધ લગ્નમાં પરીણમ્યા બાદ પતિ અને સાસુ સસરાએ ઓનલાઈન ત્રાસ આપવાનું શરૂ કર્યું : લેફટનન્ટ કમાન્ડન્ટ પતિ, રીટાયર્ડ કર્નલ સસરા અને આર્મી સ્કુલના શિક્ષિકા સાસુ સામે ગુનો દાખલ

કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રીમાં નવરાત્રી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

નવરાત્રી પર્વની ઉજવણીનો આરંભી થઈ ચુકયો છે. જયારે વિવિધ સ્કુલોમાં પણ પારંપારિક સાંસ્કૃતિક તહેવારો અંતર્ગત કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રી ખાતે તા. ૧૬ ઓકટોબરને શુક્રવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે કર્ણાવતી ઉત્સવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં સ્કુલના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજય કર્મચારી મહામંડળ ગાંધીનગર દ્વારા નવરાત્રિ પર્વે મહામંડળની કચેરી બ્લોક નં. ૬ જુના સચિવાલય ખાતે તા. ૧૪, ૧૫, ૧૬ ઓકટોબર દરમિયાન કર્મચારીઓ માટે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જુના સચિવાલય બ્લોક નં. ૬ ભોંયતળીયે જે નવરાત્રિ મહોત્સવન મહામંડળના પ્રમુખ આર.એ. પટેલ સંકલન સમિતિના ચેરમેન વિષ્ણુભાઈ પટેલ અને અન્ય અગ્રણી પત્રકાર મિત્રોની ઉપસ્થિતિમાં દિપ પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ ત્રિ દિવસીય નવરાત્રિ મહોત્સવ દરમિયાન રીસેષના સમયે ગરબા માણી શકાશે. આ મહામંડળના મહિલા પાંખના પ્રમુખ ગીતાબા ચૌહાણ તથા મહામંત્રી રમીલાબેન ખેતીયા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

સિવિલમાં લીફટના ધાંધિયાથી દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની લીફટનો અનુભવ તો આરોગ્યમંત્રી સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવ્યા ત્યારે થયો હતો. લીફટના ધાંધિયા અવાર નવાર સામે આવે છે. લીફટ બંધ રહેતા દર્દીઓની હાલત કફોડી બને છે. પરંતુ સિવિલના તંત્રને જાણે દર્દીઓની પડી જ ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ઈમરજન્સી વિભાગની પાછળ આવેલી લીફટ ઘણા સમયથી બંધ છે પરંતુ તંત્ર દ્વારા ચાલુ થવાના એંધાણ લાગતા નથી. જિલ્લામાંથી આવતા હજજારો દર્દી માટે લીફટની સુવિધા રાખવામાં આવી છે. અશકત તેમજ ગંભીર બિમારીવાળા દર્દીઓ સીડી માર્ગે ન જઈ શકતા હોવાથી લીફટની સગવડ મુકવામાં આવી છે. પરંતુ લીફટ અવાર નવાર બંધ થતાં દર્દીઓની મુશ્કેલી વધે છે. અને ફરજીયાત પગથીયાળી તેમજ અન્ય દુર આવેલી લીફટનો ઉપયોગ કરી નીચે ઉતરવું પડે છે. સિવિલ તંત્ર દ્વારા લીફટ સત્વરે શરુ કરવામાં આવે તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ ગાયનેક વોર્ડમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતા વોર્ડમાં બેડ ન હોવાથી નીચે પથારી પાથરવાની જરુરીયાત ઉભી થવા પામી હતી.

શ્રીલંકાના કોન્સલ જનરલ સુશ્રી સરોજા સિરિસેનીએ રાજયપાલશ્રીની લીધેલી શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા.૧૪

શ્રીલંકાના કોન્સલ જનરલ સુશ્રી સરોજા સિરિસેનીએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

બંને મહાનુભાવોની મુલાકાત દરમિયાન રાજયપાલશ્રીએ ગુજરાતે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિ તથા રાજયના સમૃદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે શ્રીલંકા કોન્સુલેટ જનરલ મુંબઈના થર્ડ સેક્રેટરી સુશ્રી વિરશીકા ભંડારા પણ ઉપસ્થિત રહ્યા હતા.

વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ તા. ૧૩મી ઓકટોબરે યોજાયો હતો. જેમાં સરદાર સરોવર ડેમ, ગરુડેશ્વર, કુબેર ભંડારી, પોયચા સ્વામિનારાયણ મંદિર તથા દત્ત મંદિર જેવા સ્થળોની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.

વહેલી સવારથી પ્રારંભ થયેલ આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ નર્મદા નદી પરના સરદાર સરોવર ડેમની મુલાકાત લઈ તે અંગે રસપ્રદ માહિતી મેળવી હતી. ત્યારબાદ ગરુડેશ્વર શિવજી મંદિર અને દત્ત મંદિરે દર્શનનો લાભ લીધો હતો. કુબેર ભંડારી પહોંચવા નર્મદા નદી પાર કરવી પડે છે તે બોટમાં બેસીને જતા વિદ્યાર્થીઓ રોમાંચિત થઈ ઉઠયા હતા. પોયચાના સ્વામિનારાયણ મંદિરની વિશાળતા અને કલાત્મક બાંધકામ શૈલી જોઈ બાળકો અચંબિત થયા હતા તેમજ મંદિરના નયનરમ્ય પરિસરમાં રમતો અને ગરબાનો આનંદ માણ્યો હતો.

આ પ્રવાસમાં બાળકો સાથે શાળાના આચાર્યા જાગૃતિબેન જાની તથા ઓફિસ સુપ્રિટેન્ડન્ટ સોનલબા ગોલ સહિત તમામ કર્મચારી ગણ પણ જોડાયા હતા.

વિશ્વ ગ્રામ સદભાવના ફોરમના ઉપક્રમે અમૃતલાલ વેગડાનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૧૪

વિશ્વગ્રામ-સદભાવના ફોરમના ઉપક્રમે આગામી તા. ૧૭મી ઓકટોબરને શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે ડીવાઈન ચાઈલ્ડ સ્કુલ ઝુંડાલ ખાતે 'મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ ટાગોર' વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નર્મદા પરિક્રમાના જાણીતા લેખક અને ચિત્રકાર અમૃતલાલ વેગડા દ્વારા વ્યાખ્યાન આપવામાં આવશે. આ વ્યાખ્યાનમાં સમગ્ર નગરજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

આજે ત્રીજા નોરતે ચંદ્ર ઘટા માતાજીના પૂજનનો મહિમા

આજે કળશ અથવા મંદિરનો ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરી પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી તમામ દુઃખોમાંથી મુકત થવાય છે

ગાંધીનગર, તા.૧૪

આદ્ય શકિત જગદંબાની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માટેનું મંગલકારી પર્વ નવરાત્રીમાં આજે માતાજીના ત્રીજા સ્વરૂપના દર્શનનો લાભ પ્રાપ્ત થશે. શૈલપુત્રી અને બ્રહ્મચારિણી સ્વરૂપના પૂજન અર્ચન વિધિ વિધાન પૂર્વક કર્યા પછી આજે શકિત સ્વરૂપ ચંદ્રઘટા માતાજીના પૂજનનો શ્રેષ્ઠ મહિમા વર્ણવાયો છે. સાધકો ત્રીજા નોરતે ચંદ્રઘટા માતાજીનું પૂજન કરી સર્વ દુઃખોમાંથી મુકિત મેળવવા મગ્ન બનશે. નવલી નવરાતના બે દિવસ દરમિયાન ઉપાસકો અને ખૈલેયાઓએ હર્ષોલ્લાસથી ઉજવણી કરી છે.

ભગવતી દેવીના અતિ તેજસ્વી પર્વની સર્વત્ર હરખના હિલોળે અને ભકિત ભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. બે નવરાત્રીમાં ઉપાસકો અને ખેલૈયા મન મુકીને આ પર્વને માણી રહ્યા છે. માતાજીના બીજા સ્વરૂપ બ્રહ્મચારિણી દેવીને પ્રસાદમાં સાકર ધરાવી પંડિતોએ આયુષ્યમાં વૃદ્ધિના આર્શીવાદ પ્રાપ્ત કર્યા છે. જયારે આજે ત્રીજા નોરતે શકિત સ્વરૂપ ચંદ્ર ઘટા માતાજીના સ્વરૂપની પૂજા અર્ચના કરવા તૈયારી કરશે.

જેમાં દસ ભૂજાધારી ચંદ્ર ઘટા

માતાજી પ્રસન્ન મુદ્રામાં બિરાજમાન હોય છે. માતાજીના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે. જેથી આ શકિત સ્વરૂપને ચંદ્ર ઘટા કહેવાય છે. દસ હાથ અને ત્રણ આંખ ધારી માતાજીના આઠ હાથમાં શસ્ત્ર છે જયારે બે હાથથી માતાજી આર્શીવાદ પ્રદાન કરે છે. સિંહ ઉપર સવાર મા ચંદ્રઘટાનું રૂપ યુદ્ધ માટે તૈયાર હોય તેવું લાગે છે અને તેમના ઘંટના પ્રચંડ ધ્વનિથી અસુર તથા રાક્ષસ ભયભીત રહે છે. માતાનું રૂપ પરમ શાંતિદાયક અને કલ્યાણકારી છે. આ સ્વરૂપના પૂજન અર્ચનથી આધ્યાત્મિક અને આત્મિક શકિત પ્રાપ્ત થાય છે. માતાજીના શરીરનો રંગ સોના જેવો ચમકીલો છે જેથી અત્યંત તેજસ્વી લાગે છે. આ સ્વરૂપની પૂજા કાંચીપૂરમમાં થાય છે. ત્રીજા નોરતે મહિલાઓને ઘરે બોલાવી સન્માનપૂર્વક ભોજન કરાવાનો મહિમા છે. તેમજ આ દિવસે કળશ અથવા મંદિરનો ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરી પ્રસાદમાં ગાયનું દુધ ધરાવવાથી તમામ દુઃખોમાંથી મુકત થવાય છે. માતાજીના આ સ્વરૂપની શ્રધ્ધાપૂર્વક પૂજા કરવાથી પાપો દુર થાય છે અને બળ પ્રાપ્ત થાય છે તેમજ સ્વરમાં અલૌકિક દિવ્ય મધુરતા આવે છે. આમ નવરાત્રી દરમિયાન માતાજીના દરેક સ્વરૂપોના પૂજનનો મહિમા છે અને તેના ફળ વર્ણવ્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ભૂલકાઓએ સેક્ટર-૨૮ના બગીચામાં આનંદ કર્યો

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેમ્પસની આર.એન. પટેલ પ્રાથમિકના કુલ ૫૬ વિદ્યાર્થીઓએ તા. ૧૪-૧૦-૨૦૧૫ના રોજ પ્રકૃતિના ખોળે પર્યાવરણ અને અનહદ આનંદ મેળવવા સેક્ટર-૨૮ના બગીચાની મુલાકાત લીધી હતી. પરીક્ષા પૂર્ણ થતા બાળકોના ચહેરા પર ખુશી જોવા મળતી હતી.વર્ગની ચાર દિવાલમાંથી બહાર કુદરતી પર્યાવરણના સાનિધ્યમાં આનંદ કિલ્લોલ સાથે રાઈડ્સનો તથા ટ્રેનમાં બેસવાનો આનંદ માણ્યો હતો. સાથે સાથે બાળકો સમૂહ ભાવના કેળવાય તે હેતુથી વિદ્યાર્થીઓએ સમૂહ નાસ્તો આયોજન કરેલ હતુ. ત્યાર બાદ દરેક વિદ્યાર્થીઓને આઈસ્ક્રીમ ખવડાવ્યો હતો. આ પ્રવાસ માટે નિઃશુલ્ક સ્કૂલ બસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ગશિક્ષકની ઉપસ્થિતિમાં બાળકોની આ નાની પીકનીકનો મોટો આનંદ માણ્યો હતો.

ચિરવિદાય

● સ્વ. શણગારબા અરજણજી ડાભી, ઉ.વ. ૮૦
● સ્વ. કાનાભાઈ કાબાભાઈ ચૌધરી, ઉ.વ.૮૦